Office of the Conservator of Forests Social Forestry
Circle, Bahumali Bhavan, Block No. 3/5
Race Course Road, Rajkot
Tel: - 0281 2457310 Fax No. 0281 2476552
Email. sfcirclerajkot@gmail.com

INDIA @ 75
MISSION 2022

Dated: 16 / 01/2023

No. A/T.14/Land/ 2112-13 /2022-23

To
The Addl. Principal Chief Conservator of Forests
Land,
Gujarat State, Gandhinagar.

**Sub.:** Diversion of 0.0684 Ha. Protected Forest land i.e. road side strip plantation declared as protected forest for laying Optical Fiber Cable along the routed form "T" Junction on SH Bhanvad-Porbandar road to "T"junction on SH Ranpur Gram Panchayat Road of Bhanvad Taluk4 Devbhumi Dwarka Dist.
**PROPOSAL NO.FP/GJ/OTHER/37232/2018**

Ref. (૧)આપશ્રીની કચેરીના પત્રાંકઃ જમન/ટે-૨૯-સી/બ/૬૫૪૦-૪૧/૨૦૨૨-૨૩ તા.૧૧/૧૧/૨૦૨૨.
(૨)ના.વ.સં.શ્રી દેવભુમી દ્વારકાના પત્રાંકઃ અ/જમન/ટે.૮/૮૭૨/૨૦૨૨-૨૩ તા.૩૧/૧૨/૨૦૨૨.

સાદર જણાવવાનું કે,ઉપરોકત વિષય અન્વયેની દરખાસ્ત અન્વયે આપના સંદર્ભપત્રથી યુઝર એજન્સી રીલાયન્સ જીઓ ઇન્ફોકોમ લિમિટેડ, અમદાવાદ દ્વારા દેવભૂમિ દ્વારકા જીલ્લાના ભાણવડ તાલુકાના એસ.એચ.-૯૫ (ભાણવડ-પાછતર-નાગકા) રોડને પેરેલલ ઓપ્ટીકલ ફાઇબર કેબલ લાઇન પસાર કરવા માટે ભારત સરકારશ્રીની પૂર્વ મંજૂરી સિવાય કામગીરી પૂર્ણ કરી વન સંરક્ષણ ધારા-૧૯૮૦ નો ભંગ કરવામાં આવેલ છે જે અન્વયે વન સંરક્ષણ ધારા-૧૯૮૦ ના ભંગ બાબતે એફ.સી.એ ગાઇડલાઇન ૨૦૧૯ના પેરા ૧.૨૧ મુજબ આ કામેના જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રી સામે કરવામાં આવેલ શિક્ષાત્મક કાર્યવાહીનો વિગતવાર અહેવાલ સાદર કરવા આપવામા આવેલ સુચના અન્વયે નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનિકરણ વિભાગ,દે.દ્વારકા દ્વારા સંદર્ભ પત્ર-૨ દ્વારા પ્રસ્તુત બાબતે કરવામાં આવેલ શિક્ષાત્મક કાર્યવાહીનો અહેવાલ સાદર થતા આ સાથે સામેલ રાખી સાદર કરવામાં આવે છે. જે અહેવાલ તેમજ અત્રેની કચેરીના પત્રાંકઃઅ/જમન/ટે.૧૪/૭૦૯-૧૦/૨૦૨૧-૨૨ તા.૨૦/૦૭/૨૦૨૧ના પત્રમા જણાવેલ વિગતો તથા પત્ર સાથે સામેલ પ્રસ્તુત બાબતેના સાધનીક કાગળો ધ્યાને લઈ સદરહું દરખાસ્ત અન્વયે આગળની ઘટીત કાર્યવાહી થવા અભિપ્રાય થાય છે. જે વિદીત થવા વિનંતી છે.

બિડાણ:ઉપર મુજબ.

વન સંરક્ષક
સામાજીક વનીકરણ વર્તુળ,
રાજકોટ

નકલ રવાના:- નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, દેવભુમી દ્વારકા તરફ તેમના સંદર્ભ પત્ર-૨ અન્વયે જાણ થવા સારૂ.

17-1-23
Dispatch Clerk
Addl. Pri. Chief Conservator of Forests
Land
Gujarat State. Gandhinagar.

# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

## સામાજિક વનીકરણ વિભાગ, દેવભૂમિ દ્વારકા ખંભાળીયા

"વન ભવન", આઈ.ટી.આઈ.ની સામે હર્ષદપુર, ખંભાળીયા–જામનગર હાઈવે
ફોન નં. (02833) 232574 E-Mail Id: dcfsfdbd82@gmail.com

ક્રમાંક: અ / જમન / ટે - ૮ / ૯૪૨ /૨૦૨૨-૨૩ તા. ૩૧ /૧૨/૨૦૨૨

પ્રતિ,
વન સંરક્ષકશ્રી,
સામાજિક વનીકરણ વર્તુળ,
રાજકોટ

**વિષય:** Proposal for grant of permission for laying Optical Fiber Cable along the routes mentioned hereunder. (Protected Forest Area).
From 'T' Junction on SH, R & B Bhanvad/Porbandar to 'T' Junction on SH, R & B / Ranpur Gram panchayat road. (Km.1.520 / 0.0684 Ha) (FP/GJ/Others/37232/2018)

**સંદર્ભ:** આપશ્રીની કચેરીના પત્ર નં. બ/જમન/ટે–૧૪/૩૯૯૮–૯૯, તા.૨૮/૧૧/૨૦૨૨

સાદર નિવેદન કે, ઉપરોકત વિષયે રીલાયન્સ જીઓ ઈન્ફોકોમ લીમીટેડ અમદાવાદ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકા હેઠળના એસ.એચ.–૯૫(ભાણવડ - પાછતર - નાગકા રોડ)ના પેરેલલ ઓપ્ટીકલ ફાઈબર કેબલ પસાર કરવા માટે અત્રેના વન વિભાગમાં વન સંરક્ષણ ધારા - ૧૯૮૦ હેઠળની દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી.

આપશ્રીના ઉકત સંદર્ભના પત્રથી એફ.સી.એ. ગાઈડ લાઈન ૨૦૧૯ના પેરા ૧.૨૧ માં કરવામાં આવેલ જોગવાઈઓ ધ્યાને લઈ યુજર એજન્સી તથા જવાબદાર અધિકારી/કર્મચારી સામે સત્વરે શિક્ષાત્મક કાર્યવાહી કરી કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ સાદર કરવા જણાવેલ છે.

**એફ.સી.એ. ગાઈડલાઈન – ૨૦૧૯ના પેરા – 1.21 (ii)**

('C)ની જોગવાઈ મુજબ ભારત સરકારશ્રીની પૂર્વ મંજુરી વિના યુજર એજન્સી દ્વારા કરવામાં આવેલ જંગલ જમીનના ઉપયોગ બદલ જવાબદાર અધિકારી/કર્મચારી સામે નાયબ વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ વિભાગ, દેવભૂમિ દ્વારકાનાં પત્રાંક : બ/મહક/ટે–૪/૩૦૫–૦૬, તા.૦૯–૦૬–૨૦૨૦થી વન વિભાગના લગત અધિકારી/કર્મચારીશ્રીને કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. ત્યારબાદ જવાબદાર અધીકારી/કર્મચારી દ્વારા મળેલ ખુલાસાઓ ધ્યાને લઈ ખુલાસા ગ્રાહ્ય રાખી શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે ભવિષ્યમાં આવી કોઈ બાબતનું પુનરાવર્તન ન થવા પામે તેવી તાકીદે સુચના આપવામાં આવેલ છે.

**એફ.સી.એ. ગાઈડલાઈન – ૨૦૧૯ના પેરા – 1.21 (ii)**

(D ).ની જોગવાઈના ઉલ્લંઘન માટે જવાબદાર યુજર એજન્સીના કોંટ્રાકટરે સક્ષમ સત્તાધિકારીની પરવાનગી વગર જંગલની જમીનના અનધિકૃત ઉપયોગ કરવા બદલ ભારતીય વન અધિનિયમ - ૧૯૨૭ની જોગવાઈ મુજબ યુજર એજન્સીના કોંટ્રાકટર શ્રી સાજણભાઈ નથુભાઈ દેથરીયા સામે ગુન્હો નોંધી રીકવરી પેટે રકમ રૂપિયા ૧૫૦૦૦/–ની વસુલાત કરવામાં આવેલ છે.

ઉપરોકત દરખાસ્ત સને ૨૦૧૮ના વર્ષથી ચાલતી હોય સદરહું દરખાસ્તની સમગ્ર હકીકત ધ્યાને લઈ તે સમયના નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા જવાબદાર અધિકારી/કર્મચારીના સામે શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે નાની શિક્ષા અન્વયે તાકીદ તેમજ યુજર એજન્સીના કોંટ્રાકટર સામે ગુન્હો નોંધી રીકવરી કરવામાં આવેલ છે. જે વિદિત થવા વિનંતી છે.

T૨૫
6 JAN 2023

૭૯૨૬
T-૯૭

નાયબ વન સંરક્ષક
સામાજીક વનીકરણ વિભાગ
દેવભૂમિ દ્વારકા - ખંભાળીયા